# કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે જીવવું હોય તો...

કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ આગળ વધે છે. વેક્સિનનું હજુ કંઈ નક્કી નથી એવુ પ્રધાનમંત્રી કહે છે. આંકડાઓની માયાજાળ ભ્રમ ઉભો કરે છે અને સરકારના પ્રયત્નો થાગડથીગડ છે ત્યારે આપણે નક્કી કરવુ પડશે આપણે જીવવું છે... આપણે સલામત રહેવું છે... કે આપણે પરિવારના કિલ્લોલ વચ્ચે આનંદમય વાતાવરણમાં જીવન પસાર કરવુ છે. આ બધાનો જવાબ જો હા હોય તો સરકાર કંઈ કરે કે ના કરે આપણે સતર્કતાપૂર્વક જીવન જીવશુ તો કોરોના સામે લડી શકીએ.

માર્ચ-અપ્રિલની સ્થિતિ કરતાં પણ વિચિત્ર પરિસ્થિતિ

**સમયસર**

સર્જાઈ રહી છે. ભય લગભગ નહીવત થયો છે. પ્રસંગો અને પર્વોની ઉજવણીમાં સૌ મસ્ત બન્યા હતા ત્યારે કોરોના આક્રમણ બનતા સ્થિતિ ચિંતાજનક બની છે. હવે ઘણીબધી મર્યાદાઓની વચ્ચે પણ સતર્કતાપૂર્વક જીવવાનું અનિવાર્ય બન્યુ છે અને તે પણ કોરોના સાથે જીવવું પડશે. ત્યારે જે આચારસંહિતા હળવાશમાં લેતા હતા તે હવે ગંભીરતાથી લેવી પડશે. હવે માસ્ક વિના એક ડગલુ પણ ઘરની બહાર નહીં માંડી શકાય. સેનેટાઈઝર જીવન જરૂરીયાતની એક મહત્વની વસ્તુ બનાવવી પડશે, હાથ મીલાવવા કે ભેટવાની વાત હવે ભુતકાળ બનાવવી પડશે. આપણી સામાજીક વ્યવસ્થાને બદલવાનો સમય આવી પહોંચ્યો છે. આપણે જીવવું હશે તો આપણે જ કાળજી લેવી પડશે. સરકાર પર કે કોઈના પર આધાર રાખવાના દિવસો પૂરા થયા..! આપણને કાંઈ પણ થશે તો એની જવાબદારી આપણી પોતાની જ રહેશે અને એટલે જ સમય છે સાવધાનીનો. હજુ એકાદ વરસ પ્રસંગો અને પર્વોની ઉજવણી ભુલવી પડશે... હોટલોની પાર્ટીઓને વિસારે પાડવી પડશે... મેળા અને મહોત્સવોમાં જવાનુ ટાળવુ પડશે... બજારોની ભીડમાં જવાનું સંયમિત કરવુ પડશે. આવી અનેક ટેવો બદલવાની ફરજ પડી રહી છે. ગમે કે ના ગમે આ બધુ સ્વીકારવું જ પડશે જો જીવવું હોય તો..!!

બદલાતા કોરોનાના ટ્રેન્ડ મુજબ હવે તો ઘરમાં પણ માસ્ક જરૂરી બને છે. યુવા પેઢી કામ ધંધે બહાર જાય તે સહજ છે, પરંતુ બહારથી સંક્રમિત થઈ આવેલ ઘરનો યુવા સભ્ય ક્યારે વડિલોને સંક્રમિત કરે તેનો ખ્યાલ રહેતો નથી. તે છેલ્લા અઠવાડિયાથી આપણે અનુભવીએ છીએ કે સમગ્ર પરિવારોના પરિવારો કોરોનાથી સંક્રમિત થયા છે, ત્યારે બહાર જતા આવતા પરિવારના સભ્યએ માસ્ક સતત પહેરીને પરિવારને બચાવવો. મૃત્યુદર ઓછો છે એવું સરકારી આંકડા કહે છે, પરંતુ અંતિમ ધામોના આંકડા બિહામણા છે. આપણા ગાંધીનગર જેવા નાનકડા શહેરમાં સત્તાવાર આંકડા કરતાં ૬ ગણા મૃત્યુઆંક મુક્તિધામના ચોપડે છે. સરકારના ચોપડે માત્ર ૯૬ મૃત્યુ દર્શાવાયા છે. પણ જવા દો... આજે આ વિવાદમાં નથી પડવુ આ તો માત્ર ચેતવણી ગણો તો ચેતવણી અને સાવધાની ગણો તો સાવધાની માટે આ ઉલ્લેખ કર્યો છે. એટલે હવે કોઈ વાદ કે વિવાદમાં પડ્યા સિવાય એક એક નાગરીક કોરોના સામેના જંગમાં યોદ્ધો બની જાય... માસ્કનું બખ્તર પહેરે... સેનેટાઈઝરની ટેન્ક રાખે અને સોશિયલ ડિસ્ટન્સની લોખંડી શિસ્ત પાળે તો કોરોના તો શું પણ કોરોનાના બાપની પણ તાકાત નથી કે હરાવી શકે.

આજે પવિત્ર અગિયારસ છે. તેની પાવનપળે નિર્ણય કરીએ કે કોરોના સામે લડી લઈશુ... કોરોનાને હરાવી દઈશુ...

# ગાંધીનગર ઠંડુગાર : પારો ૧૧.૫

**શિયાળો આક્રમક બન્યો : ગઇકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાનમાં ૧.૫ ડીગ્રીનો તફાવત : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ત્રણ ગણો તફાવત : મહત્તમ તાપમાન ૩૨.૮ ડીગ્રી દિવસે અસહ્ય ગરમી અને રાત્રિના ઠંડી : નગરજનો બેચેન**



ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી ઠંડીનો પારો સતત ઉંચે ચઢી રહ્યો છે. રોજબરોજ સિઝનની મહત્તમ ઠંડી નોંધાય છે. આજે સતત ત્રીજા દિવસે પણ ગાંધીનગર ઠંડુગાર બન્યુ હતુ. અત્યાર સુધીની મહત્તમ ઠંડી નોંધાઇ હતી. ઠંડીના પારો વધુ ૧.૫ ડીગ્રી ઉંચકાયો હતો. અલબત્ત ન્યુનતમ તાપમાન ૧૧.૫ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ. જયારે વધતી ઠંડી વચ્ચે દિવસની ગરમી પણ વધી હતી. મહત્તમ તાપમાન ૩૨.૮ ડીગ્રી રહ્યુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ત્રણ ઘણો તફાવત જોવા મળ્યો હતો આ સ્થિતિ વચ્ચે દિવસે ગરમી અને રાત્રિના ઠંડી વચ્ચે નગરજનો ડબલ સિઝનની અસરથી બેચેન બન્યા હતા.

શહેરમાં છેલ્લા ચાર દિવસથી ઠંડી ગરમીનો પારો સતત ચઢ ઉતર થયા કરે છે. ઠંડીની મોસમ ધીમે ધીમે વાતાવરણ પર પક્કડ જમાવી રહી છે. ત્યારે હાલ બેવડી ઋતુના અનુભવથી જન આરોગ્ય પ્રભાવિત છે. ગઈકાલે પણ ઠંડીના પારો ૧૩ ડીગ્રી રહ્યો હતો. જયારે આજે લઘુત્તમ તાપમાન ૧.૫ ડીગ્રી વધુ નીચે ઉતરતા સિઝનની મહત્તમ ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૧.૫ ડીગ્રી પહોંચી જતા વહેલી સવારથી જ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જયારે બપોરના સમયે ગરમીનો પારો પણ ઉંચકાયો હતો. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૦.૮ ડીગ્રી વધ્યુ હતુ. મહત્તમ તાપમાન ૩૨.૮ ડીગ્રી રહેતા ગરમી અને ઠંડીના તાપમાન વચ્ચે ત્રણ ઘણો તફાવત જોવા મળ્યો હતો. જેના લીધે બપોર થતા જ નગરજનોએ આકરા તાપ વચ્ચે ગરમી અનુભવી હતી. છેલ્લા ચાર દિવસથી રોજબરોજ ઠંડીનો પારો સતત ઉંચે ચઢી રહ્યો છે. જેના લીધે

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર ડેપોએ દિવાળીના ચાર દિવસોમાં ૧૦.૭૦ લાખની આવક રળી

**સૌરાષ્ટ્ર તરફની બસોનુ અમદાવાદથી સંચાલન થતા દાહોદ જાલોદ રૂટમાં ટ્રાફિકને પહોંચી વળવા ગાંધીનગર ડેપોએ વધુ ટ્રીપોનુ સંચાલન કર્યુ**

ગાંધીનગર તા ૨૪

દિવાળી પર્વ દરમિયાન ગાંધીનગર ડેપો કક્ષાએથી મુસાફરોની સુવિધાને ધ્યાને લઈ વધારાની બસો દોડવામાં આવે છે. ડેપો કક્ષાએથી આ વર્ષે પણ દિવાળી પર્વના ચાર દિવસો દરમિયાન દાહોદ જાલોદના રૂટમાં મહત્તમ ટ્રીપો દોડાવવા માટેનુ આયોજન કરાયુ હતુ. જેના અંતે ડેપોએ રૂ ૧૦.૭૦ લાખની આવક કરી છે. આવકનો આ આંકડો ગત વર્ષની સાપેક્ષમાં વધુ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જો કે દિવાળી પર્વના અંતે માર્ગો પર દોડતી સલામત સવારીમાં ટ્રાફિક જોવા મળતો નથી.

દિવાળીના પર્વ દરમિયાન ગાંધીનગર ડેપોએ દાહોદ જાલોદ રૂટમાં વધારાની બસો દોડાવી હતી જયારે દિવાળી પર્વ દરમિયાન આમ પણ ડેપોમાં ટ્રાફિક વધુ રહે છે જેને પહોંચી વળવા માટે એસ ટી નિગમ દ્વારા વિવિધ રૂટોમાં વધારાની બસો દોડાવામાં આવે છે. જો કે આ વર્ષે કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે આમ નાગરિકો પણ એસ ટી બસમાં મુસાફરી કરવાનુ ટાળી રહ્યા હોવાથી એસ ટી તંત્રએ વિશેષ આયોજન કર્યુ ન હતુ જયારે સૌરાષ્ટ્ર સહીતના રૂટોની બસો પણ અમદાવાદથી દોડતી રાખવામાં આવી હતી ત્યારે ગાંધીનગર ડેપો કક્ષાએથી શહેરી બસ સેવા ઉપરાંત દાહોદ જાલોદ સહીતના રૂટોમાં વધુ ટ્રીપોનુ સંચાલન કરવામાં આવ્યુ હતુ જયારે દિવાળી પર્વ દરમિયાન આમ પણ નગરમાંથી દાહોદ વિસ્તારમાં જવા માટે વિશેષ ટ્રાફિક રહેતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ આ રૂટોમાં બસો દોડવવા માટે આયોજન કરાયુ હતુ.

જયારે દિવાળીના પર્વ દરમિયાન તા ૧૧ નવેમ્બરથી ૧૪ નવેમ્બર દરમિયાન દાહોદ સહીતના રૂટમાં વિશેષ ટ્રાફિક જોવા મળ્યો હતો. બીજીતરફ અમદાવાદ તરફની ટ્રીપો પણ ઘટી ગઇ હોવાથી આ રૂટોમાં ગાંધીનગર ડેપોએ વધુ ટ્રીપો દોડાવી હતી જેના લીધે ડેપોને તગડી આવક પણ થઇ હતી ગત વર્ષની સાપેક્ષમાં દિવાળી પર્વના ચાર દિવસોમાં એસ ટી ડેપોએ વધુ આવક કરી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. અલબત્ત ચાર દિવસમાં જ એસ ટી ડેપોએ ૧૦.૭૦ લાખની આવક કરી છે. જે ગત વર્ષના આ તહેવારના દિવસો કરતા વધુ હોવાનુ પણ ડેપાના સુત્રો જણાંવી રહ્યા છે.

## સે-૨૨માં માર્ગ નિર્માણની કામગીરીને અનુલક્ષી રહીશો આગ બબુલા

**ઘર સુધી રસ્તો બનાવાની યોજનાથી વિશ્વકર્મા સોસાયટીના રહીશોમાં આક્રોશ : કામગીરી બંધ નહીં કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી**

ગાંધીનગર તા ૨૪

સે-૨૨ વિશ્વકર્મા સોસાયટીમાં માર્ગને ફોરટ્રેક કરવાની યોજના અન્વયે ઘર સુધી રસ્તો બનાવી દેવામાં આવતો હોવાથી રહીશો આગ બબુલા બન્યા છે. માર્ગ નિર્માણની આ યોજનાથી સોસાયટીમાં ઘોંઘાટનુ વાતાવરણ બનશે તેવો આક્રોશ વ્યકત કરતા રહીશોએ ગંદકી અને દબાણો દુરકરવાની કામગીરી કોરાણે મુકી આ પ્રકારના કામો હાથ ધરવાની નિતી અપનાવતા કોર્પોરેશનના તંત્ર સામે પ્રબળ રોષ વ્યકત કર્યો છે. જયારે માર્ગ નિર્માણની આ યોજનાનુ કામ ત્વરિત બંધ નહીં કરવામાં આવે તો ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ સ્થાનિકોએ ઉચ્ચારી છે.



સે-૨૨ માં ટ્રાફિક પોલીસ સ્ટેશનની આગળ અને ગુરુકુલ સ્કુલની પાછળ સ્થિતિ વિશ્વકર્મા સોસાયટીમાં હાલ એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે આ દરમિયાન સ્થાનિકોના ઘરોની કમ્પાઉન્ડ વોલને અડીને માર્ગ નિર્માણની કામગીરી કરવામાં આવતા સ્થાનિકોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. જેના લીધે ઘરને અડીને જ વાહનો પસાર થતા ઘોંઘાટ વધશે તેવો આક્રોશ પણ સ્થાનિકોએ વ્યકત કર્યો છે. શહેરની રચના વેળાએ આંતરિક માર્ગોનુ જે

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં કોરોનાનો આતંક : વધુ ૬૯ કેસ

## ત્રણ દિવસમાં જીઈબીમાં બીજીવાર કોરોના વિસ્ફોટ

**શહેરમાં વધુ ૩૫ કેસ : શહેરમાં આજે જીઈબીમાંથી ૭, સે. ૨૭ માંથી ૩, સે. ૨૮ માંથી ૩, સે. ૧૯ માંથી ૩, સે. ૩, સે. ૨૫, સે. ૨૨ અને સે. ૫ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૬, ઈન્ફોસીટી, સે. ૩૦, ઈન્દ્રોડા, સે. ૭, સે. ૪, સે. ૨૩, સે. ૧૭, બોરીજ, સે. ૧ અને સે. ૩-એ-ન્યુ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં કોરોનાનો કહેર યથાવત રહેતાં તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ હવે આકરા પગલાંઓ અંગે તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે ફરી એકવાર જીઈબી કોલોનીમાં વિસ્ફોટ થતાં તંત્રએ જીઈબી સત્તાવાળાઓને જરૂરી ગાઈડલાઈનનું ચુસ્તતાથી પાલન થાય તે માટે નોટીસ પાઠવી છે. આજે જીઈબીમાંથી વધુ સાત કેસ મળી આવતાં તંત્ર હચમચી ગયુ છે.

શહેરમાં આજે જીઈબીમાંથી ૭, સે. ૨૭ માંથી ૩, સે. ૨૮ માંથી ૩, સે. ૧૯ માંથી ૩, સે. ૩, સે. ૨૫, સે. ૨૨ અને સે. ૫ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૬, ઈન્ફોસીટી, સે. ૩૦, ઈન્દ્રોડા, સે. ૭, સે. ૪, સે. ૨૩, સે. ૧૭, બોરીજ, સે. ૧ અને સે. ૩-એ-ન્યુ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા ૩૫ કેસમાંથી મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેસનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા પણ ૨૪૪૬ જેટલી થવા પામી છે. આજે પણ મોટીવયના દર્દીઓ અને ૧૩ જેટલી મહિલા દર્દીઓ મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ સારવાર મેળવનાર દર્દીઓની સંખ્યા ૨૦૦ના આંકને પાર કરી ગઈ છે. જો કે રિકવરી રેટ સારો હોવાનો દાવો આજે તંત્રના સૂત્રોએ કરતાં જણાવ્યુ છે કે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

સે. ૩ માંથી આજે બે કેસ મળ્યા છે. ૧૬ વર્ષના વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉરાંત ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. સે. ૩-એ-ન્યુમાંથી નવાપુરામાં આચાર્ય તરીકે ફરજો બજાવતા ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૬ માંથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈન્ફોસીટીમાં ગિફ્ટ આર્ટીકલ અને રમકડાંનો વેપાર કરતા ૪૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જીઈબીમાંથી આજે ૭ કેસ મળી આવ્યા છે. જેમાં એક દંપત્તિનો પણ સમાવેશ થાય છે. ૫૦ વર્ષીય કર્મયોગી, ૪૭ વર્ષીય કર્મયોગી, ૪૦ વર્ષીય ગૃહીણી, ૪૨ વર્ષીય કર્મયોગી, ૪૯ વર્ષીય ગૃહીણી, ૪૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૭ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૨૭ વર્ષીય કર્મયોગીની, ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગોએન્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૫ માંથી આજે માતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૯ વર્ષીય ગૃહીણી અને ૩૫ વર્ષીય પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઈન્દ્રોડામાંથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૮ માંથી આજે ત્રણ કેસ મળી આવ્યા છે. ૨૯ વર્ષીય ડ્રાયવરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૭ વર્ષીય નિવૃત્ત કર્મયોગી તેમજ ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ બન્ને દર્દીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૯ માંથી આજે વધુ ૩ કેસ મળતાં તંત્રની ચિંતા વધી છે. ૫૦ વર્ષીય સમાજસેવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## મુક્તિધામ ખાતે કોરોના સંક્રમિત ૧૩ મૃતકોના અગ્નિસંસ્કાર

ગાંધીનગર મુક્તિધામ ખાતે આજે કોરોના સંક્રમિત ૧૩ મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા હતા. જેમાંથી ૭ દર્દીઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ, ૨ આશ્કા, ૨ સઈજ પીએસએમ હોસ્પિટલ, ઋષિ હોસ્પિટલ માણસા ખાતે ૧ અને અન્ય ૧ એમ કુલ ૧૩ મૃતકોના અગ્નિ સંસ્કાર કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સવારે ૬.૩૦ થી સાંજે ૫.૩૦ દરમ્યાન ૧૦ તથા ૬ થી ૭.૩૦ દરમ્યાન બીજા ૩ મૃતકોના અગ્નિ સંસ્કાર કરાયા. એક જ દિવસમાં ૧૩ કોરોના સંક્રમિતના મૃત્યુ થતા ફરી એકવાર શહેર અને જિલ્લામાં હાહાકાર મચી જવા પામ્યો હતો. આજે જે મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા છે જેમાં ૨ શહેરના, ૨ અમદાવાદના અને ૯ ગાંધીનગરના ગ્રામિણ વિસ્તારના મૃતકોનો સમાવેશ થાય છે.

## જિલ્લા-તાલુકા પંચાયતના સાત કર્મયોગીઓ કોરોનાની ઝપટે ચડ્યા

ગાંધીનગરમાં પંચાયતના તંત્રમાં કોરોનાનો વિસ્ફોટ થયો છે. ગઈકાલે જિલ્લા પંચાયતના બે કર્મયોગીઓના કોરોના પોઝીટીવના અહેવાલની શાહી સુકાઈ નથી ત્યાં આજે વધુ બે કર્મયોગીઓ કોરોનાની ઝપટે ચડ્યા છે.

આરોગ્ય વિભાગની એક મહિલા કર્મચારી અને મહિલા-બાળ વિકાસ વિભાગના એક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકા પંચાયતના ૪ કર્મયોગીઓનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત માણસા તાલુકા પંચાયતમાં પણ એક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રમાં વધતા જતા કેસોને પગલે કર્મચારીઓમાં પણ હવે ગભરાટની લાગણી જોવા મળી રહી છે.

## કોરોના હઠીલો છે... સતર્ક અને સાવચેત રહેજો

ગાંધીનગરમાં કોરોનાનો એક નવો ટ્રેડ જોવા મળી રહ્યો છે. કેટલાક દર્દીઓ એક વખત કોરોનાની ઝપટમાં આવી ગયા બાદ ૧૪ દિવસ પછી પણ કોરોનામુક્ત નહિ થયાનું ધ્યાને આવ્યુ છે. તો કેટલાક દર્દીઓ થોડાક સમય પછી કોરોનાની ઝપટમાં પુનઃ સપડાયા હોવાનું પણ ધ્યાને આવ્યુ છે.

કોરોના હઠીલાપણુ ધરાવે છે તેવુ આ દર્દીઓ કહી રહ્યા છે અને એટલે જ સતર્ક અને સાવચેત રહેવા પણ કહે છે.

શહેરમાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે ત્યારે તંત્રએ પણ સાવચેત અને સતર્ક રહેવા માટે અપીલ કરી છે. જિલ્લામાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થઈ ચુક્યુ હોવાની વાતો તંત્ર ભલે ના કહે પણ જે રીતે કેસો વધી રહ્યા છે તે તેની આડકતરી પુષ્ટી છે.

## ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૩૪ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૧૦, દહેગામમાં ૮ અને માણસામાં ૪ કેસ મળી આવ્યા : ૨૦ ને ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વધુ ને વધુ વકરી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે. કોરોનાથી થતા મૃત્યુદરમાં પણ સતત વધારો થઈ રહ્યો છે પરંતુ તંત્રએ આ અંગે ચુપકીદી સાધી લીધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩૪ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગરમાં ૧૨, દહેગામમાં ૮, માણસામાં ૪, કલોલમાં ૧૦ કેસનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા દર્દીઓ અને મોટીવયના લોકો પણ હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે પણ મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો હોવાથી તંત્રની કામગીરીનું ભારણ વધવા પામ્યુ છે.

ગાંધીનગરના ડભોડા ગામેથી ૬૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સાદરા ગામેથી ૫૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી આજે વધુ બે કેસ મળ્યા છે. ૪૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં ખડેસવામાં આવેલ છે. આ ઉપરાંત ખાનગી નોકરી કરતી ૨૪ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાંદેસણમાં ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી ૮૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સરગાસણ ગામેથી ૪ કેસ મળી આવ્યા છે. ૩૦ વર્ષીય કરમયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ચંદ્રાલા ગામેથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદમાંથી ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકામાંથી આજે બીજે દિવસે પણ વધુ ૮ કેસ મળતાં તંત્રની ચિંતા વધી છે. ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને પાંચ કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યા છે.

ઉદણ ગામેથી ૫૧ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નાંદોલમાંથી ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વડવાસા ગામેથી ૫૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી પાંચ કેસ મળી આવ્યા છે. ૩૨ વર્ષીય કર્મયોગી, ૩૪ વર્ષીય વેપારી, ૩૩ વર્ષીય વેપારી, ૪૦ વર્ષીય વેપારી અને ૪૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બધાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

માણસા તાલુકામાંથી ૪ કેસ નોંધાયા છે જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી નોંધાયો છે.

પુંધરા ગામેથી ૩૧ વર્ષીય વેપારી, ૫૯ વર્ષીય ખેડૂત, ૭૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

માણસા અર્બન વિસ્તારમાંથી ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે ૧૦ કેસ મળી આવ્યા છે. જેમાં ગોવિંદપુરા વેડા ગામેથી એક જ દિવસમાં પાંચ કેસ અને ભાવપુરામાંથી બે કેસ મળ્યા છે. બધા જ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

બોરીસણા ગામેથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં દાખલ કરેલ છે. આ ઉપરાંત જામળા ગામેથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. ગોવિંદપુરા-વેડા ગામેથી ૪૭ વર્ષીય વેપારી, ૪૯ વર્ષીય ખેડૂત, ૫૫ વર્ષીય ખેડૂત, ૭૨ વર્ષીય વેપારી અને ૬૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com